રેપો રેટ વધતા સેન્સેક્સ 429 પોઇન્ટ તૂટ્યો

શેરબજારમાં બે દિવસની તેજીને બ્રેક વાગી, રોકાણકારોના રૂ. 3.76 લાખ કરોડ સ્વાહા થયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 7: ભારતીય શેરબજારમાં બે દિવસના સુધારાને બ્રેક વાગી છે. જોકે, આરબીઆઇએ અપેક્ષા મુજબ 25 બેસીસ પોઇન્ટના વ્યાજદરમાં વધારાની સાથે ફુગાવાના અંદાજમાં બજાર તુટી ગયું છે. સેન્સેક્સ આશરે 600 પોઇન્ટ ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી 22550 પોઇન્ટ સુધી તુટયો હતો, જે છેલ્લે 22603ના સ્તરે બંધ રહ્યો હતો. આજે લાર્જકેપ શેરોની સાથે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી જોવા મળી હતી. જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3.76 લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

રેપો રેટમાં વધારાને કારણે ઓટો અને રિયલ્ટી સેક્ટર પર દબાણ જોવા મળ્યું હતું. રેપો રેટમાં વધારાથી વાહન અને હોમ લોનના હપ્તા મોંઘા થિ શકે છે, જેની અસર આ સેક્ટર સાથે સંકળાયેલા શેરો પર પણ પડે છે, આ જ સમયે બેન્કીગ શેરોએ બજારને સંભાળવાનો પ્રયાસો કર્યો હતો, પીએસયુ બેન્ક શેરોમાં લેવાલીએ એક ટકા મજબૂત જોવાયા હતા.

બીએસઇ સેન્સેક્સ 429.11 પોઇન્ટ એટલે કે 0.59 ટકા ઘટીને 72638.70 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 73018 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72468 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 173.05 પોઇન્ટ એટલે કે 0.76 ટકા ઘટીને 22603.05 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 22717 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નાચમાં 22546 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 72.85 પોઇન્ટ એટલે કે 0.13 ટકા ઘટીને 55055.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટીબીઓ ટેક 25.38 ગણા, આલકેમ લેબમાં 8.42 ગણા, એસબીઆઇ કાર્ડસમાં 7.76 ગણા, એરીસ લાઇફ સાયન્સીસમાં 7.49 ગણા અને મેડપ્લસ હેલ્થ સર્વિસીસમાં 5.59 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટીબીઓ ટેકમાં 10.61 ગણા, ચેન્નાઇ પેટ્રોલીયમ કોર્પોરેશનમાં 8.32 ગણા, પીવીઆર આઇનોક્સમાં 7.75 ગણા, ભારતી હેક્ષાકોમમાં 7.12 ગણા અને પીટીસી ઇન્ડ.માં 4.78 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં નજીવો સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.64 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.02 ટકા વધ્યો હતો. આમ છતાં, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2018 શેરો વધ્યા હતા, જ્યારે 2353 શેરો ઘટ્યા હતા અને 243 શેરોમાં કોઇ ફેરફાર થયો નહતો.

નિફ્ટી મેટલ ઇન્ડેક્સ 2.33 ટકા ઘટ્યો હતો. જેમાં નેલ્કો, અદાણી એન્ટર, હિન્ડાલ્કો, જિન્દાલ સ્ટેનલેસ, જેએસડબલ્યુ સ્ટીલ, એનએમડીસી, ટાટા સ્ટીલ, જિન્દાલ સ્ટીલ, વેદાન્તા અને સેઇલ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 200 પોઇન્ટ જેટલા લાલ નિશાનમાં રહ્યા હતા, જેના લીધે આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે.

રૂપિયો વધુ 34 પૈસા તૂટયો, 97 તરફ આગેકૂચ

ફોરેક્સ બજાર

ડોલર	96.78 રૂ.
યુરો	107.53 રૂ.
પાઉન્ડ	127.34 રૂ.
યેન	0.6115 રૂ.

રિઝર્વ બેન્ક દ્વારા 25 બેસીસ પોઇન્ટનો વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હોવા છતાં આજે રૂપિયામાં નરમાઇ આગળ વધી હતી. ડોલર 97 તરફ આગેકૂચ કરી રહ્યા હતા. ડોલરની સામે રૂપિયો 34 પૈસા ઘટીને 96.77ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.43ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.74, પાઉન્ડ 127.34, કેનેડિયન ડોલર 67.67, ઓસ્ટ્રેલિયન ડોલર 66.77, જાપાનીઝ યેન 0.6116 અને સીંગાપોર ડોલર 75.60ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-429.11	72638.70
નિફ્ટી	-173.05	22603.05
બેન્ક નિફ્ટી	-72.85	55055.55

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોટક મહિન્દ્રા બેન્ક	1.88	440.00
બીએસઇ	1.54	3356.00
ભારતી એરટેલ	1.29	1833.90
ICICI બેન્ક	1.09	1357.50
કોલ ઇન્ડિયા	0.69	414.50

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	3.80	4377.00
અદાણી એન્ટરપ્રાઇઝ	3.75	2743.00
હિન્ડાલ્કો	3.15	910.85
જેએસડબલ્યુ સ્ટીલ	2.35	1230.00
ભારત ઇલે.	2.35	378.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોટક મહિન્દ્રા બેન્ક	2.21	440.80
ભારતી એરટેલ	1.33	1833.00
ICICI બેન્ક	1.15	1357.00
બજાજ ફાઇનાન્સ	0.24	964.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	3.52	4380.00
ભારત ઇલે.	2.21	378.85
એશિયન પેઇન્ટસ	2.07	2370.00
ઇન્ફોસીસ	2.06	992.10
લાર્સન-ટુબ્રો	1.96	3699.00

રૂપિયો અંડરવેલ્યુડ હોઇ શકે, પણ ચિંતા કરવાની જરૂર નથી: આરબીઆઇ

વિદેશી હૂંડિયામણ ભંડોળનો યોગ્ય ઉપયોગ કરી RBI લેશે પગલાં

નવી દિલ્હી, તા. 7: ભારતીય ચલણ રૂપિયો યુએસ ડોલર સામે પોતાના ઓલટાઇમ નીચલા સ્તર તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ દેશવાસીઓ અને રોકાણકારોને આશ્વાસન આપ્યું છે. બુધવારે મુંબઇ સ્થિત સેન્ટ્રલ બેન્કના મુખ્યાલય ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, વિવિધ આર્થિક અંદાજો મુજબ ભારતીય રૂપિયો અંડરવેલ્યુડ હોઇ શકે છે અને રિઝર્વ બેન્ક કરન્સીમાં સ્થિરતા લાવવા તેમજ તેને તેના સાચા મુલ્ય સુધી પહોંચાડવા માટે સંપુર્ણ સમર્થન આપશે.

આજરોજ ઇન્ટ્રાડે ટ્રેડિંગ દરમ્યાન રૂપિયો ડોલર સામે 96.96ના ઓલટાઇમ લો સ્તર તરફ સરકી રહ્યો હતો, ત્યારે સેન્ટ્રલ બેન્કના વડાએ સ્પષ્ટતા કરી હતી કે, ટુંકાગાળામાં નાણાકીય બજારો ઘણીવાર તર્કહીન રીતે વર્તે છે, પરંતુ લાંબા ગાળે તે પોતાની વાસ્તવિક તાકાત મેળવી લે છે. ગવર્નરે ખાતરી આપી હતી કે રિઝ4વ બેન્ક વિદેશી ડિલીંગમાં અતિશય સ્થિરતા રોકવા માટે સતત દેખરેખ રાખી રહી છે અને રૂપિયો તબક્કાવાર રીતે પોતાની મજબૂતી પાછી મેળવે તે માટે વ્યવસ્થિત પગલાં લેવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે, ચાલુ વર્ષના મોટા ભાગના સમય દરમ્યાન સ્થાનિક કરન્સી દબાણ હેઠળ રહી છે. ખાસ કરીને ફેબ્રુઆરીના અંતમાં પશ્ચિમ એશિયામાં શરૂ થયેલા ભૌગોલિક તણાવ અને યુદ્ધની પરિસ્થિતિને કાણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઇલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો. ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું ક્રુડ આયાત કરતું હોવાથી ક્રુડના વધતા ભાવને કારણે વિદેશી હુંડિયામણ પર સીધું દબાણ સર્જાયું હતું અને રૂપિયો સતત નબળો પડતો ગયો હતો.

આરબીઆઇ ગવર્નરે જણાવ્યું હતું કે, રિયલ ઇફેક્ટિવ એકસચેન્જ રેટ સહિતના મહત્વના આંકડા દર્શાવે છે કે રૂપિયો કોઇપણ સંજોગોમાં ઓવરવેલ્યુડ નથી. તાજેતરના ડેપ્યુટી ગવર્નર પુનમ ગુપ્તાએ પણ સંકેત આપ્યો હતો કે, આવનારા દિવસોમાં રૂપિયો સ્થિર થશે અને તેમાં રીકવરી જોવા મળશે. બેન્કીગ નિષ્ણાતોના મતે ભારતીય અર્થતંત્રના મુળભુત પાયા મજબૂત હોવાથી આ ઘટાડો ક્ષણિક છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ઉથલપાથલ વચ્ચે રિઝર્વ બેન્કના આ મક્કમ વલણથી નાણાકીય બજારોને મોટી રાહત મળી છે.

બેન્ક દ્વારા લેવામાં આવી રહેલા હસ્તક્ષેપના પગલાં અને વિદેશાઇ હુંડિયામણના ભંડોળનો યોગ્ય ઉપયોગ આગામી દિવસોમાં રૂપિયાને નીચલા સ્તરેથી ઉગારીને પુનઃ મજબૂતી તરફ લઇ જશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

મોબાઇલ રિચાર્જ 15% સુધી મોંઘા થવાની તૈયારી

એરટેલે ભાવવધારો શરૂ કર્યો, Jio અને Vi પણ ટૂંક સમયમાં દામ વધારશે; ડિસેમ્બર 2026 સુધીમાં ખિસ્સા પર પડશે સીધી અસર

હવે ગ્રાહકો નહીં, 'ARPU' વધારવાની રેસ!

મુંબઇ, તા. 7: ટેલિકોમ કંપનીઓ મોબાઇલ રિચાર્જ દરોમાં 15% સુધીનો વધારો કરવાની તૈયારી કરી રહી છે. એરટેલે આજે તેના રિચાર્જ પ્લાનમાં 3 થઇ 10 ટકા સુધીના વધારાની જાહેરાત કરી છે. Jio અને Vi ના રિચાર્જ પ્લાનમાં પણ વધારો થાય તેવી સંભાવના છે. ડિસેમ્બર 2026 માં મોબાઇલ રિચાર્જ 15% સુધી મોંઘા થઇ શકે છે. જો ટેલિકોમ કંપનીઓ તેમના રિચાર્જ પ્લાનમાં વધારો કરે તો તેની સીધી અસર કરોડો લોકોના ખિસ્સા પર થશે.

બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસ્વાલ ફાઇનાન્શિયલ સર્વિસીસ માને છે કે ડિસેમ્બર 2026 સુધીમાં મોબાઇલ ટેરિફમાં આશરે 15%નો વધારો થઇ શકે છે.

કંપનીઓ માટે ટેરિફમાં વધારો કરવો વધુને વધુ જરૂરી બની રહ્યો છે કારણ કે મોબાઇલ ડેટા વપરાશ સતત વધી રહ્યો છે, પરંતુ પ્રતિ ગ્રાહક આવક એ જ ગતિએ વધી રહી નથી. બીજી બાજુ, કંપનીઓ નેટવર્ક, સ્પેક્ટ્રમ અને નવી ટેકનોલોજીમાં સતત રોકાણ કરી રહી છે. આ સ્થિતિમાં, ટેરિફમાં વધારો એ આવક વધારવાનો સૌથી સીધો રસ્તો બની ગયો છે.

રિલાયન્સ જિયોએ તાજેતરમાં જિયોપ્રાઇમ સભ્યપદ ફરીથી શરૂ કર્યું છે. આ કંપનીની વધારાની આવક વધારવાનો પ્રયાસ હોય તેવું લાગે છે. આને ભવિષ્યમાં મોબાઇલ ટેરિફમાં વધારો થવાના સંકેત તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.

ભારતી એરટેલ પણ ગ્રાહક દીઠ તેની આવક વધારવાનો પ્રયાસ કરી રહી છે. કંપનીએ તેનું એન્ટ્રી-લેવલ દૈનિક અમર્યાદિત ડેટા રિચાર્જ રૂ. 299 બંધ કરી દીધું છે. આનો ઉદ્દેશ્ય ગ્રાહકોને ઉંચા ભાવે રિચાર્જ કરવા અને ગ્રાહક દીઠ આવક વધારવાનો છે.

આવી સ્થિતિમાં, જો બજારમાં રિચાર્જ વધુ મોંઘા થાય છે, તો વીઆઇને પ્રતિ સબ્સ્ક્રાઇબર વધુ આવકનો પણ ફાયદો થશે. આ કંપનીની નાણાકીય સ્થિતિને સ્થિર કરવામાં મદદ કરી શકે છે. જોકે, વીઆઇની પરિસ્થિતિ જિયો અને એરટેલથી અલગ છે, તેથી ટેરિફ વધારાથી ત્રણેય કંપનીઓને સમાન રીતે ફાયદો થશે નહીં.

આગામી મહિનાઓમાં, ટેલિકોમ માર્કેટમાં વાસ્તવિક સ્પર્ધા ફક્ત વધુ ગ્રાહકો ઉમેરવા વિશે નહીં હોય. Jio, Airtel અને Vi વચ્ચે ગ્રાહક દીઠ વધુ આવક અને કિંમત નિર્ધારણ શક્તિ માટે સ્પર્ધા પણ વધુ તીવ્ર બનવાની શક્યતા છે.

ભારતમાં ઇલોન મસ્કની સ્ટારલિંક લોન્ચ માટે સજ્જ

અંતિમ સુરક્ષા મંજૂરીઓની રાહ; 20 ગેટવે સાઇટ્સ સાથે આંતરિયાળ વિસ્તારોમાં મળશે હાઇસ્પીડ સેટેલાઇટ ઇન્ટરનેટ

નવી દિલ્હી, તા. 7: અબજોપતિ ઉધ્યોગપતિ ઇલોન મસ્કની અગ્રણી સેટેલાઇટ કોમ્યુનિકેશન કંપની સ્ટારલિંક હવે ભારતીય બજારમાં પોતાની ઇન્ટરનેટ સેવાઓ શરૂ કરવા માટે સંપુર્ણપણે સજ્જ થઇ ગઇ છે. કંપની હાલમાં ભારત સરકારની અંતિમ નિયમનકારી મંજુરીઓ, સુરક્ષા મંજુરીઓ અને પ્રત્યક્ષ વિદેશી રોકાણ માટેની ઔપચારિકતાઓની આખરી પ્રક્રિયા પુરી થવાની રાહ જોઇ રહી છે. ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ દરમ્યાન સ્ટારલિંકના બિઝનેસ ઓપરેશન્સના વાઇસ પ્રેસિડન્ટ લોરેન ડ્રેયરે જણાવ્યું હતું કે, ભારત સરકારની લીલી ઝંડી મળતાની સાથે જ કંપની દેશમાં વ્યાપારી ધોરણે સેવાઓ શરૂ કરી દેશે.

કંપનીના જણાવ્યા અનુસાર સ્ટારલિંકે ભારતીય બજારની વિશિષ્ટ જરૂરિયાતો અને કડક સુરક્ષા માપદંડોને ધ્યાનમાં રાખીને પોતાની સમગ્ર ઓપરેશનલ સીસ્ટમ તૈયાર કરી છે. ભારતીય વપરાશકર્તાઓનો ડેટા દેશની અંદર જ સુરક્ષિત રહે તે માટે વિશેષ ડેટા લોકલાઇઝેશન અને નિયંત્રણ પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી છે. આ ઉપરાંત, ભારતમાં ગ્રાહકોને અવિરત સેવા પુરી પાડવા માટે જરૂરી ગ્રાઉન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સેંકડો એન્ટેના ધરાવતી 20 ગેટવે રાઇટસનું નિર્માણ પણ પહેલેથી જ પુર્ણ કરી લેવામાં આવ્યું છે.

છેલ્લા પાંચ વર્ષથી ભારતીય નિયમનકારો સાથે સતત વાતચીત અને પરામર્શ કરી રહેલી આ કંપનીએ દેશમાં કનેક્ટિવિટીના પડકારોને પહોંચી વળવા ખાસ રણનીતિ બનાવી છે.

યાર્ન બજાર સુરત **નરેશ / મુકેશ ઘીવાળા**
(GST સાથેના ભાવ) **૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**				
		૭૫/૩૬ ''	૧૫૦	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૧.૩૫	૫૦/૩૬ ''	૧૫૭	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૦૮.૭૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૦૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૫
૬૮/૩૬	૧૬૫.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૯.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૧	૬૮ ક્રિમ્પ	૧૬૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૨.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૩
૮૦/૭૨ રોટો.	૧૬૭.૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૮.૫
૮૦/૩૬ રોટો.	૧૬૮.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૬૦	૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૨૦૦
એમ-30	૫૧૦૦
એસ-30	૫૦૦૦
ગુજરાત	
એમ-30	૪૯૦૦
એસ-30	૪૮૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૫૧૧૧૫૦
તેજાબી સોનું	૧૫૧૦૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૩૫૯૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૮૧૩૦
સોનાનાં બિસ્કીટ	૧૫૧૧૫૦૦
ચાંદી (૯૯૯)	૨૨૫૦૦૦
ચાંદી સિક્કા	૨૨૬૫૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

યુપીઆઇ ચાર્જથી લેણદેણમાં કોઇ મોટો ફરક નહીં પડે: આરબીઆઇ ગવર્નર

ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં હજી સુધી કોઇ ઘટાડો થયો નથી

નવી દિલ્હી, તા. 7: 15 ઓક્ટોબર, 2026થી યુપીઆઇ ચુકવણી પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે એમડીઆર આ સમયે લોકોમાં ખૂબ ચર્ચાનો વિષય છે. ખાસ કરીને, 2000 રૂપિયાથી વધુના કેટલાક વ્યવહારો પર ફીની બાબત પર વેપારીઓ અને ડિજિટલ ચુકવણી વપરાશકર્તાઓનું ઘણું ધ્યાન છે. દરમિયાન, આરબીઆઇના ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કહ્યું છે કે નાની ફીની યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની સંખ્યા પર કોઇ મોટી અસર થવાની અપેક્ષા નથી.

રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાના જણાવ્યા અનુસાર, યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની સંખ્યામાં હજી સુધી કોઇ ઘટાડો થયો નથી. જો એમડીઆરના રૂપમાં નાની ફી લેવામાં આવે છે, તો તેની યુપીઆઇના કુલ વ્યવહારો પર મોટી અસર થવાની સંભાવના નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં, આરબીઆઇને યુપીઆઇ ટ્રાન્ઝેક્શનમાં કોઇ ઘટાડાના સંકેતો જોવા મળતા નથી. તેમનું માનવું છે કે નાની ફીને કારણે લોકો મોટા પાયે યુપીઆઇનો ઉપયોગ કરવાનું બંધ કરશે નહીં. તમને જણાવી દઇએ કે ગયા મહિને સરકારે યુપીઆઇના કેટલાક વેપારી વ્યવહારો પર એમડીઆર લાદવાની મંજૂરી આપી હતી. આ અંતર્ગત 2000 રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન પર 0.4 ટકા સુધી એમડીઆર વસૂલવામાં આવી શકે છે. જો કે, આ ફેરફાર તમામ પ્રકારના યુપીઆઇ પેમેન્ટ પર લાગુ થશે નહીં.

આરબીઆઇના ગવર્નરે બેંકિંગ ક્ષેત્ર વિશે પણ વાત કરી છે. તેમણે કહ્યું કે આગામી સમયમાં બેંકોની ધિરાણ વૃદ્ધિ મજબૂત રહેવાની અપેક્ષા છે. આનાથી દેશની આર્થિક પ્રવૃત્તિઓને પણ ટેકો મળશે. તેમનું કહેવું છે કે આરબીઆઇ સીસ્ટમમાં હાજર વધારાની રોકડ અંગેની પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. જો કે, તાજેતરના અઠવાડિયાની જેમ લાંબા સમય સુધી વધુ રોકડ રહેવાની અપેક્ષા નથી.

સુડોકુ ૭૨૬૬

૩			૭	૯		૬	૪	૧
૭		૫	૬	૨		૮	૯	૩
૧	૬				૩			૭
૬	૨			૧		૯		૫
૫		૧			૮			૪
૪		૭	૫		૨	૧		
		૩	૨	૭	૬			૯
૯	૧			૮	૪	૫	૭	૨
૨		૪	૧			૩		૬

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કૃમિઘાતિનિ ગુટિકા

એક એક ગોળી સવાર, સાંજ મધ અથવા પાણી સાથે. બાળકને એક ગોળી વાટી તેના ચાર ભાગ કરી, એક એક ભાગ સવાર સાંજ આપવો. કૃમિના સર્વ વિકાર, તાવ, શરીર સુકાવુ, મંદાગ્નિ, અતિસાર, ઉલટી, પેટ ફુલવુ, ચિડિયાપણું દૂર થાય છે.

શબ્દગુંફન - ૭૨૬૪ અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. આવક (૪)
૪. ભવિષ્યવાણી, વેદવાણી (૫)
૭. એક વાદ્ય, ડાકલું (૩)
૮. દોલત (૨)
૯. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૧. ધરતી, પૃથ્વી (૨)
૧૨. જૈન સાધુ (૨)
૧૩. ચણોઠી જેટલું કદ કે વજન (૨)
૧૪. એક જાતનું કાપડ (૨)
૧૫. હેતુ, મુરાદ (૪)
૧૯. પાતળું (૨)
૨૦. સમાન વતન છે જેનું તે (૫)
૨૨. છબી, ચિત્ર (૪)
૨૪. સહેજ, જરા (૩)
૨૫. સહેજ પણ (૪)
૨૭. વાપર, વ્યય (૨)
૨૮. શ્રીવિષ્ણુ (૨)
૨૯. ઉપકાર (૨)
૩૦. રાજનીતિ (૨)
૩૧. દહીંમાંથી પાણી કાઢી લઇ બનાવેલો એક ખાદ્ય પદાર્થ (૩)

ઊભી ચાવી
૨. ખુશબો (૩)
૩. ડર વિનાનું, નિર્ભય (૩)
૪. વસિષ્ઠ ઋષિનાં પત્ની (૪)
૫. બાળભાષામાં ચવાણું (૨)
૬. બારી (૪)
૯. ખંજવાળ (૨)
૧૦. ચતુર, હોશિયાર (૩)
૧૩. નકામું, બાદ કરેલું (૨)
૧૫. માનવકુળના ઉત્પાદક એવા આદિ માનવ (૨)
૧૬. સુંદર (૩)
૧૭. હિંમત (૨)
૧૮. પશુ, જનાવર (૪)
૧૯. તબલાં વગાડનાર (૪)
૨૦. પ્રત્યેક, દરેક (૨)
૨૧. હેત, સ્નેહ (૩)
૨૨. સંભાળ, માવજત (૪)
૨૩. વિદ્યુત (૨)
૨૫. હોડી, વહાણ (૨)
૨૬. રૂપાળી જુવાન સ્ત્રી (૩)
૨૮. ઘોડો (૨)



ઓલા ઇલેક્ટ્રિક રૂ.27ની કિંમતે રાઇટસ ઇશ્યૂ કરશે

મુંબઇ, તા. 7: ઇલેક્ટ્રિક ટુ વ્હીલર કંપની ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટીએ લગભગ 1000 કરોડ રૂપિયાના રાઇટસ ઇશ્યૂની શરતોને મંજુરી આપી છે. કંપનીના બોર્ડે રાઇટસ ઇશ્યૂની દરખાસ્તને મંજુરી આપી હતી. કંપનીએ શેરની કિંમત રૂ. 27 રાખી છે. કંપનીએ રેગ્યુલેટરી ફાઇલીંગમાં જણાવ્યું હતું કે, બોર્ડે 37.03 કરોડ રાઇટસ ઇક્વિટી શેર ઇશ્યૂ કરવાની મંજુરી આપી દીધી છે. જો સંપુર્ણ શેર સબસ્ક્રાઇબ કરવામાં આવે છે અને સંપુર્ણ કોલ મની પ્રાપ્ત થાય છે તો કંપની આ ઇશ્યૂમાંથી રૂ. 999.84 કરોડ એકત્ર કરશે.

રેપો રેટમાં વધારા વચ્ચે HDFC બેન્કની લોન સસ્તી

એચડીએફસી બેન્કે એમસીએલઆરમાં 15 બેસીસ પોઇન્ટ સુધી ઘટાડો કર્યો

મુંબઇ, તા. 7: દેશની સૌથી મોટી ખાનગી બેન્કો પૈકીની એચડીએફસી બેન્ક પાસેથી લોન લેવી હવે સસ્તી થઇ શકે છે. જે લોકો પહેલાથી જ એચડીએફસી બેન્ક લોનની ઇએમઆઇ ચુકવી રહ્યા છે, તેમના માસિક ઇએમઆઇમાં ઘટાડો થશે. વાસ્તવમાં એચડીએફસી બેન્કે એમસીએલઆરમાં ઘટાડો કર્યો છે.

બેન્કે વિવિધ સમયગાળાના એમસીએલઆરમાં 5થી 15 બેસીસ પોઇન્ટનો ઘટાડો કર્યો છે અને આજથી અમલ શરૂ થઇ ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજરોજ આરબીઆઇ દ્વારા રેપો રેટમાં 25 બેસીસ પોઇન્ટનો વધારો કર્યો છે, ત્યારે એચડીએફસી બેન્કે એમસીએલઆરમાં ઘટાડો જાહેર કરીને તમામને ચોંકાવી દીધા છે. નવા એમસીએલઆર દર હવે 7.75થી 8.55 ટકાની વચ્ચે રહેશે. બેન્કે એક મહિનાના એમસીએલઆરમાં સૌથી વધુ ઘટાડો કર્યો છે.

આજનું પંચાંગ

તા. 08/10/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિ: વદ: તેરસ: 22:17- પ્રદોષ શિવરાત્રિ,
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-16
યોગ : શુક્લ **કરણ:** ગર
નક્ષત્ર : પૂ.ફા.:- 21:21
રાશિ: સિંહ (મ,ટ) 27:20 પછી કન્યા (પ,ઠ,ણ)
દિવસ : ત્રયોદશી શ્રાદ્ધ- તેરસનું શ્રાધ્ધ- કલિયુગાદિ
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:19
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 25મો રોજ
મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે: 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): વાણી પર કાબૂ રાખવો. તથા આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. મિત્રો સાથે નવા વ્યવસાયનું આયોજન થાય.

વૃષભ (બ,વ,ઉ,): કામનો બોજ વધે. ઘરમાં ઉત્સવ જેવું રહે. નવા ફેરફાર થાય. આવક વધે. પ્રવાસમાં સાવધાન.

મિથુન (ક,છ,ઘ,): અડોશ-પડોશ- ભાઇ-બહેન-મિત્રો વગેરે સાથે વ્યવહારમાં સાવધાની રાખવી. માનસિક અશાંતિ સતાવે.

કર્ક (ડ,હ,): વાણી પર કાબૂ રાખવો. પણ ટેકનોલોજી અને માર્કેટીંગ સાથે સંકળાયેલને તક મળે. આત્મવિશ્વાસ વધશે.

સિંહ (મ,ટ,): પડવા-વાગવાથી સાવધાન રહેવુ. પારીવારિક તથા સામાજિક સમસ્યા સતાવે. નોકરીમાં નવી જવાબદારી વધે.

કન્યા (પ,ઠ,ણ,): પોલીસ લફરાથી બચવું. ઉધાર લેવા-દેવાનું ટાળવું. રોમેન્ટીંક મુલાકાત થાય. ધાર્મિક પ્રવાસ થાય.

તુલા (ર,ત,): સ્વાર્થી મિત્રોથી સાવધાન નવા આર્થિક વ્યવહારમાં સાવધાન અને પ્રેમ પ્રકરણમાં કોઇની વાતોમાં આવવું નહી.

વૃશ્ચિક (ન,ય,): નવી નોકરી અને નવા વેપાર-ધંધામાં મદદથી અનુકૂળતા વધશે. સમાજ કે જાહેર જીવનમાં સાવધાન રહેવું.

ધન (ભ,ધ,ફ,ઢ,): બૌદ્ધિક લોકોની મુલાકાત થાય. વિદેશના કામ થાય. ધાર્મિક સાહિત્યને લગતા કામથી લાભ થાય.

મકર (ખ,જ,): આંખની કાળજી રાખવી. ગુપ્ત શત્રુઓથી સાવધાન. વડીલોની સલાહથી અનુકૂળતા રહેશે.

કુંભ (ગ,સ,શ,ષ,): ભાગીદારીનાં કામ થાય. જાહેર જીવનને લગતાં કામમાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં જવાબદારીથી પ્રભાવ વધશે. ખર્ચા વધશે.

કોઇ પણ સાલમાં 08 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રતિકૂળતાનો અનુભવ વધારશે. નોકરીમાં નામ જવાબદારી અને ધંધામાં નવી યોજનાથી કામનો બોજ વધશે. આધુનિક ટેકનોલોજીને લગતાં કામ થાય. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય નરમ-ગરમ રહે. હરીફોની હેરાનગતિ વધશે. નોકરી ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીથી લાભ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ કોર્ટ-કચેરીમાં વિઘ્નોનો અનુભવ વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં સફળ બને. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. ઉંમર લાયકના વિવાહના ખર્ચા વધશે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોની મદદ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રો મદદરૂપ બનશે. સ્ત્રીવર્ગની સમસ્યા વધશે. યાત્રા- પ્રવાસ, ધર્મ- કર્મ થાય. ડિસેમ્બર- જાન્યુઆરી- ફેબ્રુઆરીમાં શુક્ર શનિવારે, 08,17, 26 તારીખે નવા કામ કરવાં. કાળા-નીલા રંગનો ઉપયોગ વધારવો. માર્ચ- એપ્રિલમાં બુધવારે 07,16, 25 તારીખે નવા કામ ટાળવો. સોનેરી રંગનાં ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું.

શેરબજારમાં ઘટાડાની અસર, ડિમેટ એકાઉન્ટમાં 11.5 ટકાનો ઘટાડો

જુલાઇ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 90.4 લાખથી વધુ ડિમેટ એકાઉન્ટ ઉમેરાયા

નવી દિલ્હી, તા. 7: શેરબજારમાં સપ્ટેમ્બરના તીવ્ર ઘટાડાની અસર રોકાણકારોના નવા ડિમેટ એકાઉન્ટ ખોલવા પર પણ જોવા મળી હતી. સપ્ટેમ્બરમાં 28.9 લાખ નવા ડિમેટ એકાઉન્ટ ખોલવામાં આવ્યા હતા, જે ઓગસ્ટના 32.7 લાખની સરખામણીએ 11.5 ટકા ઓછા છે. જોકે, સંપુર્ણ ચિત્ર નિરાશાજનક નથી. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં 90.4 લાખથી વધુ નવા ડિમેટ એકાઉન્ટસ ઉમેરવામાં આવ્યા હતા, જે સાત ક્વાર્ટરમાં સૌથી વધુ આંકડો છે. એટલે નબળા બજાર વચ્ચે પણ રોકાણકારોની રૂચિ યથાવત છે. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર મહિનામાં સેન્સેક્સ અને નિફ્ટી બંને લગભગ 6-6 ટકા ઘટયા હતા. જ્યારે બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 6.6 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 3.2 ટકા ઘટયો હતો. માર્ચ પછીના આ સુચકાંકોનો આ સૌથી મોટો માસિક ઘટાડો હતો. માર્ચમાં બંને સુચકાંકો લગભગ 11 ટકા ઘટ્યા હતા.

ઓગસ્ટમાં લગભગ 32.7 લાખ નવા ડિમેટ એકાઉન્ટ ખોલવામાં આવ્યા હતા. સપ્ટેમ્બરમાં આ સંખ્યા ઘટીને 28.9 લાખ થઇ ગઇ છે.

આ પહેલા જુલાઇમાં લગભગ 28.9 લાખ નવા એકાઉન્ટ ખુલ્યા હતા. પણ સપ્ટેમ્બરમાં ડિમેટ એકાઉન્ટ ખુલવાની ગતિમાં ઘટાડો થયો હતો. જે છેલ્લા છ મહિનામાં સૌથી મોટો માસિક ઘટાડો હતો.